# કોર્ટ ઓફ કમિશનર (વિકલાંગ વ્યકિતઓ માટેના)

ગુજરાત રાજ્ય

( Deemed Civil Court) વિકલાંગ ધારો (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ૧૯૯૫

ભોંયતળિયે બ્લોક નં. ૧૬, જુના સચિવાલય, સેકટર-૧૦, ગાંધીનગર- ૩૮૨૦૧૦

કેસ નં. ૫૪૧/૨૦૧૬

ક્રમાંક કમિ/અપગ/૨૦૧૬-૧૭ /

તા. /૦૮/૨૦૧૬

વાદીઃ-

**શ્રી એન.આર.ખાન,**

**સિનિયર કલાર્ક,**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,

ગાંધીનગર

C/o પ્લોટ નં. ૫૧૭/૧ સેકટર-૭ બી ગાંધીનગર

## વિરુધ્ધ

પ્રતિવાદીઃ-

સભ્ય સચિવશ્રી,

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,

સેકટર-૧૦ એ, ગાંધીનગર

વિષયઃ- વિકલાંગ ધારા હેઠળ રક્ષણ મળવા બાબત.
શ્રી એન.આર.ખાન, સિનિયર કલાર્ક,
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
ગાંધીનગર

અરજદાર શ્રી એન.આર.ખાને તા.૬/૬/૨૦૧૨ ના રોજની અરજીથી આ કોર્ટને તેઓ ચાલુ સેવાકાળ દરમ્યાન વિકલાંગ બનેલ હોઇ ભારતીય વિકલાંગ ધારા, ૧૯૯૫ ની જોગવાઇ ક્રમાંક-૪૭(૧) અને ૪૭ (૨) અન્વયે જરૂરી રક્ષણ આપવા રજૂઆત કરેલ. તેઓની આ રજુઆતને આ કોર્ટના કેસ નં. ૫૪૧/૨૦૧૬ થી નોંધ કરી દાખલ કરવામાં આવેલ. અરજદાર શ્રી એન.આર.ખાન મોટોન ન્યુરોડીસીઝ (M.N.D.) નામની બિમારીથી પીડાતા ૮૦ ટકા વિકલાંગતા ધરાવે છે. આ અંગે તેમણેઅરજી સાથે સિવીલ હોસ્પીટલ, અમદાવાદનું સર્ટીફિકેટ રજૂ કરેલ છે.

૨. અરજદાર તા.૨૦/૨/૮૫ થી પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર ખાતે જોડાયેલ અને તા.૧૬/૯/૨૦૧૧ થી ધીરે ધીરે વિકલાંગતાની અસર નીચે આવેલ છે. તેઓએ તા.૧/૪/૨૦૧૬ થી દાકતરી પ્રમાણપત્ર સાથે માંદગીની રજા મુકેલ છે. તેઓએ તબીબી સહાયના કોઇ બીલ મૂકેલ નથી કે માંગેલ નથી. તેઓને બોર્ડ ધ્વારા હિસાબી શાખાની હળવી કામગીરીમાં મૂકેલ છે.

૩. અરજદારની રજુઆત અન્વયે અરજદાર અને પ્રતિવાદીઓને નોટીસ કાઢી આ કોર્ટ ધ્વારા તા.૧૪/૬/૨૦૧૬ના રોજ મુદત રાખવામાં આવેલ. મુદતે વાદી હાજર રહેલ છે, પરંતુ બોર્ડ તરફથી કોઇ અધિકારી હાજર રહેલ નથી. પુનઃ તા.૨૮/૬/૨૦૧૬ અને તા.૨૬/૭/૨૦૧૬ ની મુદતો દરમ્યાન અરજદાર પક્ષે તેમના પુત્રશ્રી જાવેદખાન હાજર રહેલ છે, પરંતુ પ્રતિવાદી બોર્ડ તરફથી કોઇ હાજર રહેલ નથી. બોર્ડ ધ્વારા તા. ૨૮/૭/૨૦૧૬ના પત્ર સાથે લેખિત જવાબ અધિકારીશ્રીઓ ધ્વારા રૂબરૂ રજૂ કરવામાં આવેલ છે.

૪. સમગ્ર રીતે જોતાં,

- અરજદાર મોર્ટોન ન્યુરો ડિસીઝની ગંભીર બીમારીથી પીડાય છે.
- સીવીલ હોસ્પીટલ, અમદાવાદના સર્ટીફિકેટ મુજબ તેઓ ૮૦ ટકા વિકલાંગતા ધરાવે છે.
- અરજદારે તા.૧/૦૪/૨૦૧૬ થી માંદગીની રજા મૂકેલ છે.
- અરજદારને બોર્ડ ધ્વારા સહાનુભૂતિ દાખવી હિસાબી શાખાની હળવી કામગીરી સોંપવામાં આવેલ છે, પરંતુ અરજદારની ફરજ પરની હાજરી અંગે કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

૫. આથી બન્ને પક્ષકારોની લેખિત રજૂઆત, રજુ થયેલ આધાર પુરાવા વગેરે બાબતો અને ભારતીય વિકલાંગ ધારો (સમાનતકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) – ૧૯૯૫ ની જોગવાઇઓ ક્રમાંક-૪૭(૧) અને ૪૭(૨) અન્વયેની જોગવાઇઓ, તેઓ સેવાકાળ

દરમ્યાન શારિરીક વિકલાંગ થયેલ હોઇ તેમને વિકલાંગ ધારો - ૧૯૯૫ ની નીચેની વિગતે લાગ પડે છે.

(1) No establishment shall dispense with of reduce in rank an employee who acquires disability during his service. Provided that, if an employee, after acquiring disability is not suitable for the post he was holding, could be shifted to some other post with the pay scale and service benefits; Provided further that if is not possible to adjust the employee against any post he may be kept on a supernumerary post until suitable post available or he attains the age of superannuation, which earlier.

(2) (2) No promotion shall be denied to a person merely on the ground of his disability; Provided that the appropriate Government mey having regard to the type of work carried on in any establishment by notification, exempt any establishment from the provision of the section )

ઉપરોકત તમામ બાબતો ધ્યાને લઇ પ્રસ્તુત કેસમાં પુખ્ત વિચારણામને અંતે આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

શ્રી.એન.આર.ખાન સિનીયર કલાર્ક, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને તા.૧૦/૪/૨૦૧૯ થી સળંગ હાજરી ગણી વિકલાંગ ધારા અન્વયે જરૂરી રક્ષણ આપવા જરૂરી કાર્યવાહી કરવા પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને હુકમ કરવામાં આવે છે.

(સંજય નંદન )

કમિશનર

નકલ રવાના:-

(૧) શ્રી.એન.આર.ખાન, સિનીયર કલાર્ક પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર c/o પ્લોટ નં.૫૧૭/૧સેકટ્ર-૭ બી. ગાંધીનગર

(૨) સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેકટર ૧૦ એ, ગાંધીનગર.